# સાબરકાંઠા - અરવલ્લીમાં મેઘમહેર : ખેડૂતો ખુશખુશાલ

## સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત હિંમતનગર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, ઈડર, પ્રાતિજ, પોશીના, તલોદ, શામળાજી ભિલોડા, મેઘરજ, માલપુર, મોડાસા, બાયડ, ધનસુરા તાલુકામાં સાર્વત્રીક મેઘમહેર

ભિલોડા, તા.૧૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત હિંમતનગર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, ઈડર, પ્રાતિજ, પોશીના, તલોદ, શામળાજી ભિલોડા, મેઘરજ, માલપુર, મોડાસા, બાયડ, ધનસુરા તાલુકામાં સાર્વત્રીક મેઘમહેર થઈ છે. વાવણીલાયક વરસાદ આવતા ખેડુતો ખુશખુશાલ બન્યા હતા અને ખેડુતો, ખેત-મજુરો ખેતીકામમાં જોતરાયા હતા.

આ વર્ષે મેઘરાજાએ ખુબ રાહ જોવડાવ્યા બાદ અડધો જુલાઈ માસ પુર્ણ થયા બાદ મેઘરાજાએ આજે વહેલી સવારે વીજળી કડાકા, ભડાકા સાથે ધમાકેદાર હેત વરસાવતાં ખેડુતો, પશુપાલકો અને પ્રજાજનોએ રાહતનો દમ લીધો હતો. છેલ્લા ચાર-પાંચ મહિનાઓથી ઉનાળાની અસહ્ય




કાળઝાળ ગરમી, બાફ, ઉકળાટમાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બનતા હતા ત્યારે મેઘરાજાએ ખુબ વિલંબ કર્યા બાદ સાર્વત્રીક મેઘમહેરના શ્રી ગણેશ કરતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાતા હોવાના કારણે વધુ વરસાદ આવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. સીમ વિસ્તારોમાં આવેલા ખેતરોમાં મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળેલ છે. અમુક નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. મકાઈ, એરંડા, કપાસ, તુવેર સહિત વિવિધ પ્રકારના બિયારણોની ધુમ ખરીદી ખેડુતો કરી રહ્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા હલકી ગુણવંત્તાનું બિયારણ વેચાઈ રહ્યું હોવાનું જાગૃત ખેડુતો ધ્વારા જાણવા મળેલ છે. ભિલોડા મઉંચાર રસ્તા પાસે તાડપત્રીનું ધુમ વેચાણનો શુભારંભ થયેલ છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સાર્વત્રીક મેઘમહેરના કારણે વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી હતી.

# ધનસુરામાં અમી છાંટણા પરંતુ ધરતીપુત્રો ચિંતિત

ધનસુરા, તા.૧૪

ઘણા લાંબા સમયની રાહ જોવડાવ્યા બાદ આજે ધનસુરા સહિત આસપાસના પંથકમાં વહેલી સવારે ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો હતો. પરંતુ થોડાક જ સમયમાં વરસાદ બંધ થઈ જતા ખેડૂતો સહિત સૌ કોઈ ચિંતિત બન્યા છે. અને મેઘરાજાને મનાવવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો પૂજા-પાઠ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વસાદની સીઝન શરૂ થયાને લગભગ એક માસથી પણ વધુ સમય વિતિ ગયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું આગમન થઈ ગયું છે. જયારે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં હજુ સુધી મેઘરાજાની મહેર થઈ નથી આકાશમાં વાદળો બંધાય છે પણ પવન ફુંકાવાની સાથે જ વાદળો વિખેરાઈ જાય છે. અને વાતાવરણ પલ્ટાઈ જાય છે. પરિણામે ગરમી અને બાફમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. તો બીજી તરફ જિલ્લાના જળાશયોમાં પાણી ખતમ થવાનો અને ઘાસચારાનો પ્રશ્ન પણ વિકટ બની રહ્યો છે.

ઉત્તર ગુજરાતના ધનસુરા સહિતના વિસ્તારમાં આજે વહેલી સવારે લાંબી રાહ જોવડાવ્યા બાદ મેઘરાજાનું આગમન થયું હતું. પરંતુ થોડી જ વાર પછી વરસાદ બંધ થઈ જતા ખેડૂતો વધુ ચિંતિત બન્યા છે અને બબ્બે વર્ષ ચોમાસુ પાક નિષ્ફળ ગયા બાદ શું આ ત્રીજા વર્ષે પણ પાક નિષ્ફળ જશે તેની ચિંતા સતાવી રહી છે. ખેડૂતો હાલ આકાશની તરફ મીટ માંડીને વરસાદની રાહ જોઈ રહ્યા છે.

# વડાલી-વિજયનગરમાં વરસાદ : પ્રાંતિજમાં વીજ કરંટ એકનું મોત

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં સોમવારે વહેલી સવારથી સર્વત્ર જિલ્લા ડિઝાસ્ટર કચેરીથી જાણવા મળેલ મુજબ જિલ્લાના હિંમતનગરમાં-૦૫ મી.મી., નીકળ્યા હતા ત્યારેવ પોળના નાકે એક વીજ પ્રવાહ ચાલુ વાયર નીચે પડ્યો હતો અને વરસાદને કારણે



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

વરસાદ ધીમી ધારે શરૂ થઈ ગયો છે. જેને લઈને ગરમીથી ત્રાહિમામ લોકોને સામાન્ય રાહત મળી છે જ્યારે બીજી તરફ વરસાદની રાહ જોતા ખેડૂતો આનંદિત થઈ ગયા છે.

જો કે ધીમી ધારનો વરસાદ એ ખેતી માટે સારો ગણાય છે પરંતુ ચાલુ રહે તો. જીલ્લામાં છેલ્લા કેટલાય દિવસથી વરસાદી વાદળોથી આકાશ ઘેરાયેલું હતું અને આજે હિંમતનગર સહીત જિલ્લામાં વહેલી પરોઢથી ધીમી ધીમી ધારે વરસાદ શરૂ થઈ ગયો હતો. હિંમતનગરમાં આવેલ ઈડરમાં-૧૧ મી.મી., વડાલીમાં-૨૨ મી.મી., ખેડબ્રહ્મામાં-૧૨ મી.મી., વિજયનગરમાં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે તલોદમાં માત્ર સામાન્ય વરસાદના છાંટા પડ્યા હતા અને પોશીના તાલુકો કોરો કટ રહ્યો હતો પણ બપોર બાદ જિલ્લામાં વરસાદ બંધ થઈ ગયો હતો અને ભારે બાફનો અહેસાસ લોકોએ કર્યો હતો.

સવારે વરસાદ દરમિયાન પ્રાંતિજની દેસાઈ પોળમાં રહેતા જયેન્દ્રભાઈ ગીરીરાજભાઈ દેસાઈ (ઉ.વ.૪૫) ઘરેથી ૧૦ વાગે કામે ભેજથી આ જયેન્દ્રભાઈને કરંટ લાગ્યો હતો.

આજુબાજુના લોકોએ લાકડાના ડંડા વડે છોડાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ પ્રયાસ એળે ગયો હતો અને જયેન્દ્રભાઈનું ઘટનાસ્થળે મોત નીપજયું હતું. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પ્રાંતિજ સરકારી દવાખાને લઈ ગયેલ હતા. આ અંગે ફરજ પરના ડૉક્ટર જે.કે. પ્રણામીએ પ્રાંતિજ પોલીસમથકે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

### ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં વોર્ડ નં. ૮માં

# વરસાદી પાણીના નિકાલની કામગીરીમાં ધુપ્પલબાજી ચાલતી હોવાની રાવ

## પ્રદેશ ભાજપ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાના નામે પાલિકાના સત્તાધીશો અને સ્થાનિક રહીશોને ડરાવતા કોન્ટ્રાકટરનું પેમેન્ટ અટકાવવા માંગ

પાલનપુર, તા. ૧૪

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ધ્વારા વિકાસની વણથંભી વણઝાર વચ્ચે વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી ચાલી રહી છે. જોકે, લાખો રૂપિયાના આંધણ બાદ પણ કોન્ટ્રાકટરોની ધુપ્પલબાજીને પગલે લોકોને સુવિધાને બદલે દુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. પાલનપુર શહેરના વોર્ડનં.૮માં સુખબાગ રોડ પર ની સોસાયટીઓમાં હાલમાં વરસાદી પાણીના નિકાલની કામગીરી ચાલી રહી છે. જે કામગીરીમાં કોન્ટ્રાકટરના અણઘડ આયોજનને પગલે સ્થાનિક રહીશો ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. વળી, વેઠ ઉતારતી કામગીરીને લઈને સ્થાનિક રહીશોએ કોન્ટ્રાકટરનું પેમેન્ટ અટકાવી દેવાની લેખિત માંગ કરતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર શહેરના સુખબાગ રોડ પર આવેલી સોસાયટીઓમાં વરસાદી પાણીના નિકાલની કામગીરી ચાલી રહી છે. જેમાં પાલિકાના કોન્ટ્રાકટર ધ્વારા હાલમાં અર્બુદાનગર અને સુરિભ એપાર્ટમેન્ટમાં ચાલી રહેલી કામગીરીમાં ભારે ધુપ્પલબાજી ચલાવવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠી છે. કોન્ટ્રાકટર જયેશ પટેલની કથિત બેદરકારીને પગલે સ્થાનિક રહીશો હાલમાં ભારે મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. આડેધડ કોઈપણ જાતના આયોજન વગર થઈ રહેલી કામગીરીને પગલે ગટરો અને પાણીની પાઈપો લાઈનો પણ તોડી નાંખતા લોકો પારાવાર તકલીફોનો સામનો કરી રહ્યા છે. પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી જતા લોકોને રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. ત્યારે પાલિકાના એસ્ટીમેન્ટને સુસંગત ન હોય તે રીતે તકલાદી કામગીરી કરી ગેરરીતી આચરાતી હોવાની રાવ સાથે સ્થાનિક રહીશોએ કલેકટર સમક્ષ લેખિત રજુઆત કરી કોન્ટ્રાકટરનું પેમેન્ટ પણ અટકાવી દેવાની માંગ કરી છે. જોકે, ભાજપ અગ્રણી સાથે ઘરોબો ધરાવતો હોવાનો દાવો કરનાર આ માથાભારે કોન્ટ્રાકટર પાલિકાના સત્તાધીશોને ગાંઠતો ન હોઈ તેને બ્લેક લીસ્ટમાં મુકવાની માંગ સાથે સ્થાનીક રહીશોએ જરૂર પડે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી છે.

### સત્તાધીશોને પણ આંગળીના ટેરવે નચાવતો કોન્ટ્રાકટર !

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં લાખો-કરોડો રૂપિયાના કોન્ટ્રાકટ મેળવનારા મોટાભાગના કોન્ટ્રાકટરો ભાજપના કાર્યકરો હોય છે. અથવા તો રાજકીય ઘરોબો ધરાવતા હોઈ તેઓની કથિત ગેરરીતીઓ સામે સત્તાધીશોને નાછુટકે પણ આંખ આડા કાન કરવા પડતા હોય છે. વરસાદી પાણીના નિકાલની કામગીરી કરી રહેલો આ જયેશ પટેલ નામનો માથાભારે કોન્ટ્રાકટર પણ પ્રદેશ ભાજપ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સાથે પોતાને ઘરોબો હોઈ મારૂ કોઈ કંઈ પણ બગાડી શકે તેમ નથી તેમ કહી પાલિકાના સત્તાધીશો, નગરસેવકો અને સ્થાનિક રહીશોને ડરાવી ધમકાવી રહ્યો હોવાની રાવ ઉઠી છે. વળી, કામની ગુણવત્તા કે કોન્ટ્રાકટરની બેદરકારી અંગે કોઈ નગરસેવક ફરીયાદ કરે તો તે ચોર કોટવાળને દંડે તે ઉકિતને અપનાવી જે-તે નગરસેવક બદનામ કરતા પોતાની પાસે અનુચિત માંગણી કરતો હોવાની બુમરાણ મચાવતો હોવાની ફરીયાદો વચ્ચે હવે નગરસેવકો પણ તેને સાચું કહેવા જતા પણ ડરી રહ્યા હોવાનું ચર્ચાસ્પદ બન્યુ છે. ત્યારે જીલ્લા કલેકટર અને પાલિકા પ્રમુખ તેને પદાર્થપાઠ ભણાવે તેવી માંગ ઉઠી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયના પટ્ટાંગણમાં કુપોષણને લાત મારો કાર્યક્રમ અંતર્ગત ફુટબોલ ટુર્નામેન્ટનો કાર્યક્રમ યોજાયો હતો. તંદુરસ્ત ગુજરાત બનાવવા અને કુપોષણ નાબુદી અભિયાન વિશે જાગૃતી લાવવા તેમજ જન સામાન્ય ધ્યાન આકર્ષણ કરવા સુરક્ષા સેતુ સોસાયટી જીલ્લા પંચાયત ધ્વારા ભાઈઓ તથા બહેનોની ફુટબોલ ટુર્નામેન્ટ મેચનો કાર્યક્રમ યોજાયો હતો.

# ભિલોડાના ટોરડા ધામમાં અષાઢી તોલાઈ : મધ્યમ વરસાદના એંધાણ થતા ખેડૂતો ચિંતિત

ભિલોડા, તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા શ્રી સ્વામીનારાયણ મંદીર (શ્રી ગોપાળાનંદ સ્વામીના ધામ)માં વર્ષોની પરંપરા અનુસાર અષાઢી તોલાઈ. મધ્યમ વરસાદના એંધાણ ખેડુત આલમ ચિંતીત બન્યો છે.

ખેડૂતો, વેપારી વર્ગ અષાઢી સાંભળવા છેલ્લા કેટલાક સમયથી તત્પર હતા. અષાઢ વદ એકમના દિવસે ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય (અનાજ) સોનીના કાંટે તોલી પંચોની રૂબરૂ ભગવાનની બાજુમાં મુકવામાં આવે છે. બીજા દિવસે એટલે કે અષાઢી બીજના દિવસે પંચોની રૂબરૂ ફરીથી તોલવામાં આવે છે. જેમાં નીચે પ્રમાણે વધઘટ જોવા મળેલ છે. આ વર્ષે અષાઢી તોલાતાં પંચોમાં (૧) રાવલ અરૂણકુમાર દલપતરામ (૨) સોની અશ્વીનકુમાર સી. (૩)પટેલ નારાયણ પી. (૪)ભાટી યોગેન્દ્રસિંહ જી. (૫) પંચાલ હસમુખભાઈ એસ.સહિત ટોરડા ગામના ભાવિક ભક્તોની ઉપસ્થીતીમાં અષાઢી તોલાઈ હતી.ટોરડા ગામની પાવન પવિત્ર ભુમી ઉપર સંત શીરોમણી શ્રી સ્વામી ગોપાળાનંદજીએ દેવઅવતાર ધારણ કરેલો હતો. કાળીયા ઠાકોર શામળાજી સખા સાથે રમવા માટે ટોરડા આવતા હતા.

શામળીયા ભગવાનનું પગનું ઝાંઝર ખોવાયું હતું. સાળંગપુર શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાની મુર્તીની સ્થાપના કરેલ છે. ભુલેશ્વર મહાદેવ મંદીરે ગણપતિ દાદાની મુર્તીને લાડું જમાડેલ છે. ઈડર ગઢના કળીયુગના શબરી ગણાતા સ્વ.લખુમાના આશ્રમની બાજુમાં ગુફામાં તપ કરેલ છે. અનેક ચમત્કારીક પરચાઓ રૂપી લોક કલ્યાણ કરેલ છે. ટોરડા સ્વામીનારાયણ મંદીરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી ટોરડા વિસ્તારના લોકસમુદાયને ભક્તિમય રસ અર્પણ કરી રહ્યા છે. વર્ષો-પરંપરા અનુસાર ટોરડા શ્રી સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ. મધ્યમ વરસાદના એંધાણ સાંભળી ખેડુત આલમ ચિંતીત બન્યો છે.

# મહેસાણા ખાતે ગુજરાત રાજપૂત મેરિટ એવોર્ડઝ ૨૦૧૪ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ આયોજિત અગિયારમો રાજયકક્ષાનો ગુજરાત રાજપૂત મેરિટ એવોર્ડઝ ૨૦૧૪ મહેસાણા ખાતે ૨૭મી જુલાઈ ૨૦૧૪ના રોજ બપોરે ૨-૦૦ કલાક કમળાબા હોલ, સાર્વજનિક હાઈસ્કુલ, મહેસાણા મુકામે યોજાશે.

જેમાં રાજયભરના તેજસ્વી તારલાઓ, સમાજની વિશિષ્ટ પ્રતિભાઓને, રાજપૂત છાત્રાલયોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને દર વર્ષની જેમ આ વર્ષે સન્માનિત કરવામાં આવશે તો ધોરણ-૧૦ અને ૧૨માં ૮૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર (પર્સન્ટાઈલ રેન્ક નહિ), સ્નાતક, એન્જીનિયરીંગ, મેડિકલ કક્ષાએ ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર તથા અનુસ્નાતક કક્ષાએ ૫૫ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ માર્કશીટની નકલ તા. ૧૬મી જુલાઈ ૨૦૧૪ સુધીમાં અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના કાર્યકારી અધ્યક્ષ દિપકસિંહ બી. ઝાલા, પ્લોટ નં. ૬૫૩/૨ ડીફેન્સ કોલોની, સે-૩૦, ગાંધીનગરના સરનામે મોકલી આપવા જણાવ્યું છે.

# મુજપુર ગામે ગુરૂપૂર્ણિમા મહા પર્વ યોજાયો

ઊંઝા, તા. ૧૪

ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂજીઓની ગાદીએ શિષ્યો શ્રદ્ધાથી શીશ નમાવી આશીર્વાદ મેળવતા હોય છે. પાટણ જિલ્લાના સમી તાલુકાના મુજપુર ગામે રવિભાણ સંપ્રદાયના સંત ત્રિકમસાહેબની ગાદીની પવિત્ર જગ્યામાં ગુરૂપૂર્ણિમાનો મહાપર્વ યોજાયો હતો. જેમાં સંતશ્રી ત્રિકમસાહેબની જગ્યામાં સંતગુરૂ શંકરહંસસાહેબના સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની રાત્રિએ ભજન સતસંગની રમઝટની સાથે સાથે નાનકદાસજી બાપુ તથા કિશનદાસજી બાપુએ ગુરૂનો મહિમા સમજાવી ભક્તો અને શિષ્યગણને ભક્તિભાવથી તરબોળ કરી દીધા હતા.

આ પ્રસંગે ઉનાવાથી ઉપસ્થિત ભાવીભક્તોએ મહંતશ્રી શંકરહંસ સાહેબ, ડૉ. રતનદાસજી વિગેરે સદ્ગુરૂઓને કુમકુમ તીલક કરી ગુરૂના આશીર્વચન લીધા હતા. આ પ્રસંગે હજ્જારોની સંખ્યામાં શિષ્યો, અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે, મુજપુર ત્રિકમ સાહેબની જગ્યામાં ભક્તિની સાથે સાથે સદ્ભાવના અને પરોપકારના કાર્યો પણ થતા જોવા મળે છે. જેમાં વ્યસનમુક્તિ ઝુંબેશ તેમજ દવાખાનું પણ ચલાવવામાં આવે છે. ગરીબ દર્દીઓને વિનામૂલ્યે દવાઓ પણ આપવામાં આવે છે.


ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧